# GUJARAT BILL NO. 22 OF 2023.

## THE GUJARAT PRIVATE UNIVERSITIES (SECOND AMENDMENT) BILL, 2023.

### *A BILL*

*further to amend the Gujarat Private Universities Act, 2009.*

**સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨૨.**

## ગુજરાત ખાનગી યુનિવર્સિટી ( દ્વિતીય સુધારા) વિધેયક, ૨૦૨૩.

### ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના ચુંમોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

૧. આ અધિનિયમ ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) અધિનિયમ, ૨૦૨૩ કહેવાશે. ટૂંકી સંજ્ઞા.

સન ૨૦૦૯નો ગુજરાતનો ૮મો. ૨. ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૩૪માં,- સન ૨૦૦૯ના ગુજરાતના ૮મા અધિનિયમની કલમ ૩૪નો સુધારો.

(૧) "નેશનલ કાઉન્સિલ ઓફ એસેસમેન્ટ એન્ડ એક્રેડીટેશન (નાક) તરફથી" એ શબ્દો, કૌંસ અને અક્ષરોને બદલે, "તેની સ્થાપનાના પાંચ વર્ષની અંદર નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડીટેશન કાઉન્સિલ (નાક) તરફથી" એ શબ્દો, કૌંસ અને અક્ષરો મૂકવા;

(૨) "ફરમાવવામાં આવે તે પ્રમાણે" એ શબ્દોને બદલે, "વખતોવખત" એ શબ્દ મૂકવો.

3. મુખ્ય અધિનિયમમાં, અનુસૂચિમાં,-

(૧) અનુક્રમાંક ૫-પરની નોંધમાં, “ઓરો યુનિવર્સિટી ઓફ હોસ્પિટાલિટી એન્ડ મેનેજમેન્ટ, સુરત” એ શબ્દોને બદલે, “ઓરો યુનિવર્સિટી, સુરત” એ શબ્દો મૂકવા;

(૨) અનુક્રમાંક ૨૨-પરની નોંધમાં, “Swaranim (સ્વર્ણિમ) સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન યુનિવર્સિટી” એ શબ્દોને બદલે, “Swarrnim (સ્વર્ણિમ) સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન યુનિવર્સિટી” એ શબ્દો મૂકવા.

## ઉદ્દેશો અને કારણો

રાજય સરકારે, ગુણવત્તાસભર અને ઉદ્યોગલક્ષી ઉચ્ચ શિક્ષણ પૂરું પાડવાના હેતુથી, રાજયમાં ખાનગી યુનિવર્સિટીઓની સ્થાપના કરવા માટેની જોગવાઈ કરવા અને અધિનિયમની જોગવાઈઓ અનુસાર તેના કાર્યોનું નિયમન કરવા માટે, ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ (સન ૨૦૦૯નો ગુજરાતનો ૮મો) અધિનિયમિત કર્યો છે.

રાજ્ય સરકાર, રાજ્યમાં ઉચ્ચ શિક્ષણની ગુણવત્તાયુક્ત સુધારણા માટેની સતત પ્રક્રિયા અંગેની સુવિધા પૂરી પાડવા કટિબદ્ધ છે. શિક્ષણના તમામ તબક્કાઓ-એ, આવશ્યક ગુણવત્તા ધોરણોનું પાલન સુનિશ્ચિત કરવા માટે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP)-૨૦૨૦માં અસરકારક ગુણવત્તા સ્વ-નિયમન અથવા માન્યતા પદ્ધતિની ભલામણ કરવામાં આવી છે. યોગ્ય માન્યતાઓ સાથે, સંસ્થાઓ, સંશોધનલક્ષી અથવા શિક્ષણલક્ષી સંસ્થાઓમાં વિકસિત થઇ શકે છે અને આ બાબત ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ (HEIs)ની પ્રતિષ્ઠા ઊભી કરવામાં મદદ કરશે અને સૌથી અગત્યનું એ છે કે તે બાબત શિક્ષણની ગુણવત્તા દર્શાવે છે. ઉપરાંત, તમામ યુનિવર્સિટીઓ ઉચ્ચ ધોરણો અનુસાર ચાલે તે બાબત સુનિશ્ચિત કરવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓનું ફરજિયાત મૂલ્યાંકન અને માન્યતા) વિનિયમો, ૨૦૧૨ દ્વારા તમામ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ (HEIs)-એ મૂલ્યાંકન કરવાનું અને માન્યતા આપવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે.

તેથી, ખાનગી યુનિવર્સિટીઓ દ્વારા તેની સ્થાપનાના પાંચ વર્ષની અંદર NAAC-ની માન્યતા લેવા અંગેનો સુધારો કરવો જરૂરી જણાયું છે અને તદનુસાર, સદરહુ અધિનિયમની કલમ ૩૪ સુધારવા ધાર્યું છે. વિધેયકની કલમ ૨-થી તે માટેની જોગવાઇ કરી છે.

વધુમાં, ઓરો યુનિવર્સિટી ઓફ હોસ્પિટાલિટી એન્ડ મેનેજમેન્ટ, સુરત અને સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગરના સત્તાધિકારીઓએ સંબંધિત યુનિવર્સિટીઓના નામ બદલવા માટે રાજ્ય સરકારને વિનંતી કરી છે. તદનુસાર, સદરહુ અધિનિયમમાં જરૂરી સુધારા કરવા ધાર્યું છે. વિધેયકની કલમ ૩થી તે માટેની જોગવાઇ કરી છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

તારીખ: ૮મી સપ્ટેમ્બર,૨૦૨૩.                                                    ઋષિકેશ પટેલ.

# પુરવણી

## ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ (સન ૨૦૦૯ના ગુજરાતના ૮-મા)માંથી ઉતારા.

---

૩૪. યુનિવર્સિટીએ નેશનલ કાઉન્સિલ ઓફ એસેસમેન્ટ એન્ડ એક્રેડીટેશન (નાક) તરફથી અને યુનિવર્સિટીએ જેવા અભ્યાસક્રમો અપનાવ્યા હોય તેને લગતા ભારત સરકારના બીજા નિયમન મંડળોની માન્યતા મેળવી લેવી જોઇશે અને યુનિવર્સિટીને મળેલા ગ્રેડની રાજ્ય સરકારને જાણ કરવી જોઇશે. યુનિવર્સિટીએ ફરમાવવામાં આવે તે પ્રમાણે એવી માન્યતાને તાજી કરવી જોઇશે. યુનિવર્સિટીની માન્યતા.

### અનુસૂચિ
(જુઓ કલમ ૩)

| અનુ-ક્રમાંક | ખાનગી યુનિવર્સિટીનું નામ અને સરનામું | નોંધણી અને નોંધણી નંબરની વિગતો | પુરસ્કર્તા મંડળ |
|---|---|---|---|
| ૧ થી ૪ | XXX | XXX | XXX |
| ૫. | ઓરો યુનિવર્સિટી ઓફ હોસ્પિટાલિટી એન્ડ મેનેજમેન્ટ, સુરત. | યુ-૮૦૩૦૨-જીજે૨૦૦૭એનપીએલ૦૫૧૩૨૨-૨૦૦૭-૨૦૦૮ કંપની રજિસ્ટ્રાર, ગુજરાત, (કંપની અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૨૫ હેઠળ). | ઓરો ઇન્ટરનેશનલ સ્કૂલ ઓફ હોસ્પિટાલિટી મેનેજમેન્ટ, ૧લો માળ, અંબિકા નિકેતન, અઠવા લાઇન્સ, સુરત-૩૯૫૦૦૭. |
| ૬ થી ૨૧ | XXX | XXX | XXX |
| ૨૨. | સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, મુ.:- | ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ નોંધણી (રજિસ્ટ્રેશન). રજિસ્ટ્રેશન નંબર: | ગયા પ્રસાદ જૈન ચેરિટેબલ ટ્રસ્ટ, |

| | | | |
|---|---|---|---|
| | ભોયણ રાઠોડ, અડાલજ શેરથા રોડ, તાલુકો અને જિલ્લો: ગાંધીનગર. | ઈ/ ૧૮૦૫૦, અમદાવાદ. તારીખ: ૦૭/૦૫/૨૦૦૭. | ૩૫, વર્લ્ડ બિઝનેસ હાઉસ, પરિમલ ગાર્ડન નજીક, એલિસ બ્રિજ, અમદાવાદ, ગુજરાત. |
| ૨૩ થી ૫૯ | XXX | XXX | XXX |

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨૨.]

ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૦૯ વધુ સુધારવા બાબત વિધેયક.

[શ્રી ઋષિકેશ પટેલ,
શિક્ષણ મંત્રીશ્રી.]

(સન ૨૦૨૩ના સપ્ટેમ્બર મહિનાની ૧૧મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

------------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

# THE GUJARAT PRIVATE UNIVERSITIES (SECOND AMENDMENT) BILL, 2023.

## GUJARAT BILL NO. 22 OF 2023.

*A BILL*

*further to amend the Gujarat Private Universities Act, 2009.*

It is hereby enacted in the Seventy-fourth Year of the Republic of India as follows:-

**1.** This Act may be called the Gujarat Private Universities (Second Amendment) Act, 2023. **Short title.**

**Amendment of section 34 of Guj. 8 of 2009.**

**Guj. 8 of 2009.**

**2.** In the Gujarat Private Universities Act, 2009 (hereinafter referred to as "the principal Act"), in section 34,-

(i) for the words, brackets and letters "from National Council of Assessment and Accreditation (NAAC)", the words, brackets and letters "from the National Assessment and Accreditation Council (NAAC) within five years of its establishment" shall be substituted;

(ii) for the words "as may be required", the words "from time to time" shall be substituted.

**3.** In the principal Act, in the Schedule, in the entry,-

(i) at serial No. 5, for the words "Auro University of Hospitality and Management, Surat", the words "Auro University, Surat" shall be substituted;

(ii) at serial No. 22, for the words "Swaranim Startup and Innovation University", the words "Swarrnim Startup and Innovation University" shall be substituted.

## STATEMENT OF OBJECTS AND REASONS

The State Government has enacted the Gujarat Private Universities Act, 2009 (Guj. 8 of 2009) to provide for establishment of private Universities in the State so as to provide for qualitative and industry related higher education and to regulate their functions in accordance with the provisions of the Act.

The State Government is committed to facilitating a continuous process of quality improvement of higher education in the State. The National Education Policy (NEP) - 2020 recommends an effective quality self-regulation or accreditation system at all stages of education to ensure compliance with essential quality standards. With appropriate accreditations, institutions could evolve into Research-intensive or Teaching-intensive institutions and this will help in building the reputation of the Higher Educational Institutions (HEIs) and most importantly signifies the quality of Education. Moreover, University Grants Commission (Mandatory Assessment and Accreditation of Higher Educational Institutions) Regulations, 2012 has made a compulsion for assessment and accreditation to be conducted by all Higher Educational Institutions (HEIs) to ensure all Universities run with high standards.

Therefore, the amendment to take accreditation of NAAC by Private Universities within five years of its establishment is considered necessary and accordingly, section 34 of the said Act is proposed to be amended. *Clause 2* of the Bill provides for the same.

Moreover, the officials of Auro University of Hospitality and Management, Surat and Swaranim Startup and Innovation University, Gandhinagar have requested to the State Government to change the name of the respective Universities. Accordingly, necessary amendment is proposed in the said Act. *Clause 3* of the Bill provides for the same.

This Bill seeks to amend the said Act to achieve the aforesaid objects.

Dated the 8th September, 2023. **RUSHIKESH PATEL.**

*ANNEXURE*

## EXTRACT FROM THE GUJARAT PRIVATE UNIVERSITIES ACT, 2009 .

**(Guj. 8 of 2009)**

**Accreditation of University.**

**34.** The University shall obtain accreditation from the National Council of Assessment and Accreditation (NAAC) and such other regulating bodies of Government of India which are connected with the courses taken up by the University and inform the State Government about the grade provided to the University. The University shall get renewed such accreditation as may be required.

**SCHEDULE**

( *See* section 3 )

| Sr. No. | Name and address of the Private University. | Details of registration and registration number. | Sponsoring Body. |
|---|---|---|---|
| 1 to 4 | XXX | XXX | XXX |
| 5 | Auro University of Hospitality and Management, Surat. | U-80302-GJ2007NPL051322-2007-2008<br><br>Registrar of Companies, Gujarat,<br><br>(under section 25 of the Companies Act,1956). | Auro International School of Hospitality Management, 1st floor, Ambika Niketan, Athwa Lines, Surat-395 007. |

| | | | |
|---|---|---|---|
| 6 to 21 | xxx | xxx | xxx |
| 22 | Swaranim Startup and Innovation University, At:- Bhoyan Rathod, Adalaj Shertha road, Taluka & District: Gandhinagar. | Registration under the Gujarat Public Trusts Act,1950.<br><br>Registration No: E/18050, Ahmedabad.<br><br>Date: 07/05/2007. | Gaya Prasad Jain Charitable Trust, 35, World Business House, Nr. Parimal Garden, Ellis Bridge, Ahmedabad,Gujarat. |
| 23 to 59 | xxx | xxx | xxx |

**GUJARAT LEGISLATURE SECRETARIAT**

**GUJARAT BILL NO. 22 OF 2023.**

*A BILL*

*further to amend the Gujarat Private Universities Act, 2009.*

**[ SHRI RUSHIKESHBHAI PATEL,**
**MINISTER FOR EDUCATION]**

(As published in the Gujarat Government Gazette of 11th September, 2023)

**D. M. Patel,**
**Secretary,**
**Gujarat Legislative Assembly.**

----------

Government Central Press, Gandhinagar.